# પ્રોક્ષી તાસ – નવું અને આનંદદાયી કરવાનો તાસ

શાળાઓમાં જયારે કોઈ શિક્ષક ગેરહાજર હોય ત્યારે તેનો તાસ જે ક્લાસમાં હોય તે ક્લાસ શિક્ષક વગર ખાલી પડે છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમય રાખવા કે વિદ્યાર્થીઓ અશિસ્ત ન કરે તે માટે શાળાના આચાર્ય વિવિધ પ્રકારની યુક્તિપ્રયુક્તિ કરતા હોય છે. જેમકે, જો છેલ્લો તાસ ખાલી રહેતો હોય તો તે ક્લાસના વિદ્યાર્થીને છોડી દેવામાં આવે. જો વચ્ચેનો કોઈ ક્લાસ ખાલી રહેતો હોય તો તે જ સમયે તે જ ક્લાસના છેલ્લા ટસના શિક્ષક ફ્રિ હોય તો તેને વચ્ચેના ગેરહાજર શિક્ષકના ખાલી તાસમાં મોકલી દેવામાં આવે છે. આમ કરતા તે ક્લાસનો ચ્છેલો તાસ ફ્રિ પડશે. ત્યારે તેમને વહેલા છોડી દેવામાં આવે છે. ક્યારેક જે તે ક્લાસમાં કોઈ શિક્ષકનો અભ્યાસક્રમ વધુ બાકી હોય અને તે જ ક્લાસમાં તે શિક્ષક કોઈ વિષય શીખવતો હોય તો તેને મોકલવામાં આવે છે. તો વળી કોઈ ચોક્કસ એકમ શીખવવા માટે સળંગ બે તાસની જરૂર હોય તો તેનું આયોજન થઇ શકે છે. પણ આ બધા ઉપાયો અજમાંવાની તક પ્રમાણમાં ખૂબ જ ઓછી હોય છે. ઉપરાંત અહી શાળાનું વાતાવરણ અને આચાર્યની ફિલોસોફી અગત્યનો ભાગ ભજવે છે.

કોઈ શિક્ષક ગેરહાજર હોય અને તેના તાસમાં વિદ્યાર્થીને પ્રવૃત્તિમય રાખવા અન્ય શિક્ષકને મોકલવામાં આવે છે. જેને આપણે પ્રોક્ષી તાસ કહીએ છીએ. આવા પ્રોક્ષી તાસમાં એવા જ શિક્ષકને મોકલવામાં આવે છે કે જે તે સમયે ફ્રિ હોય છે. શાળામાં મોટાભાગે દરરોજનો એક તાસ ફ્રિ મળતો હોય, તેવા સંજોગોમાં ફ્રિ રહેલા શિક્ષકને પ્રોક્ષી તાસમાં જવું માનસિક રીતે ગમતું હોતું નથી. આવા તાસમાં જવું તેને માટે કંટાળાજનક બની રહે છે. આમછતાં શાળાના વ્યવસ્થાના ભાગરૂપે જવું જ પડે છે. જેથી પ્રોક્ષી તાસમાં જનાર શિક્ષક મન અને ઉત્સાહ વગર ખાલી ટાઈમ પાસ કરવા જ જતો હોય તેમ મોટાભાગે દેખાય છે. જેને કોઈ અન્ય શિક્ષક કે આચાર્ય કશું કહેતા પણ નથી. કારણકે, તેઓ પણ જાણે જ છે કે પ્રોક્ષી તાસમાં જવું કોઈને ગમતું હોતું નથી. બસ ક્લાસ સચવાય છે ને એટલું જ વિચારે છે.

પ્રોક્ષી તાસમાં જનાર શિક્ષક મોટાભાગે વિદ્યાર્થીને હોમવર્ક કરવાનું જણાવે છે. તો ભાષાના શિક્ષક વાંચવાનું જણાવે, ગણિતના શિક્ષક પાંચ-સાત દાખલા ગણવા આપી દે. આમ જેમતેમ કરી સમય પૂરો કરવામાં આવે છે. પણ અન્ય રીતે વિચારીએ તો પ્રોક્સી  તાસમાં શિક્ષક ધારે તો નવું સર્જન કરીને કે આનંદદાયી બનાવી વિદ્યાર્થીમાં પોતાની નવી છાપ ઉભી કરી શકે. વિદ્યાર્થીમાં વધુ લોકપ્રિય બની શકે.

હું જયારે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતો હતો ત્યારે અમે પ્રોક્ષી તાસમાં વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને સોંપતા અથવા તો વિવિધ પ્રયોગો કરતા. પછી અમારી હાજરીની જરૂર હોય તો અમે ક્લાસમાં રોકાતા અથવા તો સ્ટાફરૂમમાં આવી ફ્રિ તાસની મજા માણતાં. જેમકે,

જો તે  સમય દરમિયાન ક્રિકેટ મેચ ચાલતી હોય તો રેડિયો પર કોમેન્ટ્રી સંભળાવતા અથવા તો ટી.વી. પર જીવંત પ્રસારણ બતાવતા. કોઈ શિક્ષક ટી.વી. પર ડીસ્કવરી જેવી ચેનલ બતાવે. તો કયારેક

શૈક્ષણિક કાર્યક્રમ કે શૈક્ષણિક ફિલ્મ બતાવવામાં આવે. વિદ્યાર્થી ટી.વી. જૂએ અને અમે સ્ટાફરૂમમાં ફ્રિ તાસની મજા માણતા. કયારેક શાળામાં આવતા જૂના મેગેઝીન લઇ જઈએ, સમાચારપત્રોની પૂર્તિઓ લઇ જઈએ. દરેક વિદ્યાર્થીને કે બે-બે વચ્ચે નકલ આપીને ચોક્કસ બાબતોને ધ્યાનમાં રાખીને વાંચવાનું કહેતા. કયારેક કોઈ ચોક્કસ વિષય પર ચર્ચા કરવાનું કહીને શાળાના મેદાનમાં, બાંકડા પર કે ઝાડની નીચે બેસીને  બે-ચારના જૂથમાં વિદ્યાર્થીને મોકલતા. વિજ્ઞાનના શિક્ષક વિદ્યાર્થીઓને હાયરસેકન્ડરીની વિવિધ પ્રયોગશાળામાં લઇ જાય.  પ્રયોગો બતાવે કે વિજ્ઞાનના સાધનો બતાવે. જે તે દિવસોમાં રાજ્ય કે દેશ કે સમાજમાં કોઈ ચોક્કસ વશિષ્ટ ઘટના બની હોય તો તેની ચર્ચા વર્ગમાં કરવામાં આવે. ક્યારેક કોઈ શિક્ષક બે-ચારના જૂથમાં વિદ્યાર્થીને ચોક્કસ વિષય આપીને લખવાનું કહે. કોઈ શિક્ષક વિદ્યાર્થી સામે ૧૫-૨૦ વિવિધ શબ્દો કે વસ્તુના નામ એક સાથે કહે. ત્યારબાદ વિદ્યાર્થીઓને શિક્ષકે કહેલ શબ્દ કે વસ્તુના નામ લખવાની જણાવે. અંતે વિજેતા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપે. આવી વિવિધ હરીફાઈ વર્ગમાં અમે યોજતા. કોઈ શિક્ષક વિદ્યાર્થીઓને ઘરમાં વપરાતી કે તેઓ વાપરતા હોય તેવી વિવિધ વસ્તુઓના ભાવ પૂછે. તો વળી કોઈ શિક્ષક વિવિધ વસ્તુની લંબાઈ કે પહોળાઈ આશરે પૂછે અને પછી તેનું માપ લેવડાવે. અત્યારે તો મોબાઈલનો જમાનો છે. ત્યારે મોબાઈલનો ઉપયોગ કરી શિક્ષક ઘણું નવું બતાવી શકે કે સંભળાવી શકે.

ટૂંકમાં, શિક્ષક ધારે તો પ્રોક્ષી તાસને રસમય, જીવંત, નાવીન્યતાભર્યો, આનદદાયી બનાવી શકે. જેમાં વિદ્યાર્થી અને શિક્ષક બન્નેને ફાયદો જ છે. શિક્ષક જો ધારે તો અન્ય તાસ કરતા પણ પ્રોક્ષી તાસને વધારે ઉપજાઉ બનાવી શકે. અંતે તો જેવું વાવશું તેવું લણશું.